રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તથા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટેની શિક્ષક અભિરૂચિ કસોટીઓની જોગવાઈઓમાં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૭૩૩/ગ.

સચિવાલય ગાંધીનગર

તારીખ : ૭/૫/૨૦૧૮

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગના તારીખ ૧૧/૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચ/એસએચ/૨/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/છ.

(૨) શિક્ષણ વિભાગના તારીખ ૧૮/૪/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક : જીએચ/એસએચ/૨/બીએમએસ/૧૧૦૮/૧૯૦૩/છ.

(૩) શિક્ષણ વિભાગના તારીખ ૩/૨/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક : જીએચ/એસએચ/૪/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/છ.

(૪) શિક્ષણ વિભાગનો તારીખ ૨૦/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૭/૭૩૩/ગ.

(૫) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરનો તારીખ ૧૮/૦૩/૨૦૧૮ પત્ર ક્રમાંક : રાપબો/ટાટ/૨૦૧૮/૧૯૦૮.

**આમુખ:**

રાજ્યની બિનસરકારી અનુદાનિત તથા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકેની ઉમેદવારી કરવા માટે અનુક્રમે આ વિભાગના તારીખ ૧૧/૨/૨૦૧૧ના સંદર્ભ (૧) તથા તારીખ ૧૮/૪/૨૦૧૨ના સંદર્ભ (૨) હેઠળના જાહેરનામાઓથી શિક્ષક અભિરૂચિ કસોટી ઉત્તીર્ણ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ વિભાગના તારીખ ૩/૨/૨૦૧૭ના સંદર્ભ (૩) હેઠળના જાહેરનામાથી શિક્ષક અભિરૂચિ કસોટી (TAT)નું સંચાલન રાજ્ય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવેલ છે.

આ પરીક્ષાના આયોજન પૂર્વે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને મળેલ વિવિધ રજૂઆતો તથા આ પરીક્ષાનું આયોજન સરળતાથી થઇ શકે તે હેતુથી પરીક્ષા સંબંધિત મુદ્દાઓ અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું.

ઉક્ત બેઠકમાં થયેલ ચર્ચા અન્વયે આ વિભાગના તારીખ ૨૦/૫/૨૦૧૭ના સંદર્ભ (૪) હેઠળના ઠરાવમાં આવશ્યક સુધારાઓ કરવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તારીખ ૧૯/૩/૨૦૧૮ના સંદર્ભ (૫) હેઠળના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે. આ દરખાસ્ત અન્વયે જરૂરી સુધારાઓ કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, આ વિભાગના તારીખ ૨૦/૫/૨૦૧૭થી શિક્ષક અભિરૂચિ કસોટી (Teachers Aptitude Test) અંગેની કરવામાં આવેલ જોગવાઇઓમાં હવે નીચે મુજબના ફેરફાર કરવામાં આવે છે.

| નિયમ નં | તારીખ ૨૦/૫/૨૦૧૭ના ઠરાવની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| 1.1.4 & 1.2.4 | આ કસોટી ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવારે ધોરણ-૧૨ માં આ ત્રણ પૈકી જે ભાષા પ્રથમ ભાષા (H.L.) તરીકે પાસ કરી હશે, તે માધ્યમમાં કસોટી આપવાની રહેશે. જે ઉમેદવારે ધોરણ-૧૨ માં આ ત્રણ સિવાય અન્ય કોઇ ભાષા પ્રથમ ભાષા (H.L.) તરીકે પાસ કરી હશે, તેવા ઉમેદવાર કોઇપણ માધ્યમમાં કસોટી આપી શકશે. ત્રણે માધ્યમની કસોટીના પ્રશ્નપત્ર (પ્રશ્નો) અલગ રહેશે. | આ કસોટી ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઇ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે. પરંતુ ઉમેદવારે જે માધ્યમની શિક્ષક અભિરૂચિ કસોટી ઉત્તીર્ણ કરેલ હશે તે માધ્યમમાં શૈક્ષણિક કાર્ય કરતી શાળામાં જ (એટલે કે જો ઉમેદવાર અંગ્રેજી માધ્યમ પસંદ કરી શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) આપે છે અને ઉત્તીર્ણ થાય છે તો તે ઉમેદવાર અંગ્રેજી માધ્યમની શાળાઓમાં જ) શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટે પાત્ર ઠરશે. ત્રણે માધ્યમની કસોટીના પ્રશ્નપત્ર (પ્રશ્નો) અલગ રહેશે.<br>(<u>ઉદા..</u> જો કોઇ ઉમેદવાર અંગ્રેજી માધ્યમમાં જ અંગ્રેજી વિષય સાથે તાલીમી સ્નાતક/તાલીમી અનુસ્નાતક હોવા છતાં તે ઉમેદવાર ગુજરાતી માધ્યમમાં શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) આપે છે અને ઉત્તીર્ણ થાય છે તો તે ઉમેદવાર ગુજરાતી માધ્યમની શાળાઓમાં જ અંગ્રેજી વિષયની ભરતી માટે ઉમેદવારી માટેની પાત્રતા મેળવશે અને ઉમેદવારી નોંધાવી શકશે. અન્ય કોઇ માધ્યમ એટલે કે હિંદી / અંગ્રેજી માધ્યમની શાળાઓમાં અંગ્રેજી વિષયની ભરતી માટે ઉમેદવારી નોંધાવી શકશે નહી.) |

| નિયમ નં | તારીખ ૨૦/૫/૨૦૧૭ના ઠરાવની જોગવાઈ | સુધારેલ જોગવાઈ |
|---|---|---|
| 1.1.3 વિભાગ (૨)(અ) | સબંધિત વિષયના ધોરણ-૯ અને ધોરણ-૧૦ ગુજરાત રાજયના પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ. | ▪ સબંધિત વિષયનો ગુજરાત રાજયનો ધોરણ-૯ અને ધોરણ-૧૦ નો અભ્યાસક્રમ.<br>▪ વિભાગ-૨ માટે ભાષાના વિષયોના અભ્યાસક્રમમાં પ્રથમ ભાષા તથા દ્વિતીય ભાષા એમ બંન્નેના અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવશે. |
| 1.2.3 વિભાગ (૨)(અ) | સબંધિત વિષયના ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ ગુજરાત રાજયના પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ. | ▪ સબંધિત વિષયનો ગુજરાત રાજ્યનો ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ નો અભ્યાસક્રમ.<br>▪ વિભાગ-૨ માટે ભાષાના વિષયોના અભ્યાસક્રમમાં પ્રથમ ભાષા તથા દ્વિતીય ભાષા એમ બંન્નેના અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવશે. |
| 2.2 | આ કસોટીઓ બે વિભાગમાં રહેશે. વિભાગ-૧ માં ૧૦૦ પ્રશ્નો રહેશે તથા વિભાગ-૨ માં ૧૦૦ પ્રશ્નો રહેશે. | • આ કસોટીઓ બે વિભાગમાં રહેશે.<br>• વિભાગ-૧માં ૧૦૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્ન ૦૧ ગુણનો રહેશે.<br>• વિભાગ ૨(અ)માં ૫૦ પ્રશ્નો રહેશે. જે પૈકી ૩૦ પ્રશ્નો ૨ ગુણના (૩૦ પ્રશ્નો X દરેક પ્રશ્નના ૨ ગુણ=કુલ ૬૦ ગુણ) અને ૨૦ પ્રશ્નો ૦૧ ગુણના (૨૦ પ્રશ્નો X દરેક પ્રશ્નના ૧ ગુણ=કુલ ૨૦ ગુણ) રહેશે.<br>• વિભાગ-૨ (બ) માં ૨૦ પ્રશ્નો રહેશે. તમામ પ્રશ્નો ૦૧ ગુણના રહેશે. |
| 2.3 | આ કસોટીઓમાં વિવિધ હેતુલક્ષી ૨૦૦ પ્રશ્નો રહેશે અને પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૮૦ મિનીટનો રહેશે. | આ કસોટીઓમાં વિભાગ ૧માં ૧૦૦ અને વિભાગ-૨(અ) + (બ)માં ૭૦ એમ બંને વિભાગમાં કુલ ૧૭૦ વિવિધ હેતુલક્ષી પ્રશ્નો તથા કુલ ગુણ ૨૦૦ રહેશે. પ્રશ્નપત્રનો સળંગ કુલ સમય ૧૮૦ મિનીટનો રહેશે. |
| 2.5 | દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. | દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. |

આ વિભાગના તારીખ ૨૦/૫/૨૦૧૭ના સંદર્ભ (૪) હેઠળના ઠરાવમાં નીચે મુજબની નવી જોગવાઈ દાખલ કરવામાં આવે છે.

૨.૯ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઉચ્ચતર માધ્યમિક વિભાગની જાહેર પરીક્ષામાં જે વિષયોમાં સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવામાં આવે છે તે પ્રમાણે તે ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિષયોની શિક્ષક અભિરૂચિ કસોટીઓ માટે ઉમેદવારોને સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવા માટેની છુટ આપવામાં આવશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એમ.મિસ્ત્રણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં:૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ગ-૧ શાખા, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- કમ્પ્યૂટર સેલ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાહ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.